સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

છંછેડ્યા ખેડૂને હવે ચૂંટણીમાં ફાવશે નહીં!
તૂટ્યો છે નાતો હોજથી, બે બૂંદથી આવશે નહીં
વાવશે નહીં 'મત-બીજ' દગાબાજીના ખેતરે -
'ચૂંટણી'-પંજાબનો મબલખ 'પાક' લાવશે નહીં !
(પંજાબ - હરિયાણાના ખેડૂતો રિસામણે)

હાઈકુ

કરવા ગયા -
'ખાંડવી' થૈ ગ્યો ખોડ -
ઓડનું નોડ !!

રહ્યા ન ભોટ -
સમજો બધી ચાલ !
શાણા ખેડૂતો...

ચિંતન

સાધુભ્યસ્તે નિવર્તન્તે પુત્રા બાન્ધવાઃ ।
યૈ ચ તૈઃ સહ ગન્તારસ્તદ્દર્માસ્તુકૃતં કુલમ્ ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

પુત્ર, મિત્ર અને બંધુ-સરવે સાધુઓ વિમુખ થઈ જાય છે, પરંતુ જે મનુષ્ય સત્સંગ કરે છે, સાધુઓ અનુસાર આચરણ કરે છે, તેમનો વંશ પરિવાર ધન્ય થઈ જાય છે.

સાધુ સમાન આચરણ કરવા વાળા સજ્જન પુરુષ અને તેના પરિવાર ને ખ્યાતિ મળે છે. સાધુઓના સત્સંગ સંસર્ગમાં મનુષ્ય સાંસારિક બંધનોથી મુક્ત થાય છે. મનુષ્યે પોતાના કલ્યાણ માટે પુણ્ય કાર્ય કરતાં રહેવું જોઈએ. કારણ કે મૃત્યુ પછી તે સંભવ નથી.

સુવિચાર

- તોફાન પહેલા અને પછી જેમ શાંતિ નૈસર્ગિક છે
  તેમ ક્રિયાશક્તિની આગળ અને પાછળ મૌન અનિવાર્ય છે - **જીવનપાથેય**
- 'કંઈક થવું જોઈએ' એને બદલે 'મારે કંઈક કરવું જોઈએ'
  એ ધારણાથી પ્રશ્નનો ઉકેલ આવી જાય છે - **આર્નોલ્ડ**
- ધ્યેય અને ફરજ વચ્ચેનો સંઘર્ષ એ માનવતાની કસોટી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- બહારના વિનયથી અવતાર મળે, અંદરના વિનયથી મોક્ષ મળે - **આપ્તસૂત્ર**
- જગતમાં સ્નહની કડી સૌથી વડી... કટુવચન ન બોલ ઓ જીભલડી...!! - **શ્રીમદ્ રાજચંદ્ર**
- શોખ અને જરૂરતના ભેદ પારખે તે દુઃખી ન બને, જમાનો બહુ ખરાબ આવ્યો છે, પણ તમને અહીં મોકલ્યા છે તેને સારો કરવા માટે - **થોમસ કાર્લાઈલ**
- આજનું ઔષધ : નારિયેળ તેલમાં લસણ પીસી અજમો ઉમેરી ૧૦ મીનીટ ગરમ કરી નવશેકું તેલ રહે તેલ રહે તેમાં હીંગ મેળવી તેનું માલિશ કરવાથી ઘૂંટણ અને સાંધાના દર્દમાં રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

આઝાદીની જંગમાં કોંગ્રેસ માટે ફંડ એકત્ર કરવા સરદાર પટેલ રંગુન ગયા હતા. એ વખતે રંગૂન અખંડ ભારતમાં હતું. સરદાર પટેલની આભા જ એવી હતી કે નાના મોટા વેપારીઓ પણ ઉત્સાહપૂર્વક દાન આપી રહ્યા હતા. સરદાર પટેલને બર્મીઝ લોકોનું એક વિશેષ લક્ષણ ત્યાંના એક ગુજરાતી વેપારીએ ધ્યાન દોર્યું. જે બર્મીઝ વેપારીઓ ફંડ આપતા તેઓ એ ધનરાશિને યાદીમાં ચડાવતો ન હતો. એ ગુજરાતી વેપારીએ સરદારને કહ્યું, 'આ લોકો આ ફાળો આપે છે. પણ ચોપડા પર તે ચડાવતા નથી.' સરદાર પટેલે આવું કરવાનું કારણ પૂછ્યું ત્યારે એક બર્મીઝ વેપારીએ કહ્યું, 'અમારે ત્યાં એવો કોઈ રિવાજ નથી, પણ એવી માન્યતા છે કે આ દાનની રકમને ધર્મ ઋણ કહે છે. જો અમે યાદીમાં આ દાનની રકમ લખી દઈએ તો અમારા પર એ ઋણ ગણાય. એ ઋણ અમારા ધર્મમાં સૌથી ખરાબ માનવામાં આવે છે. આથી અમે આ ઋણથી બચવા તેને ચોપડે ચડવતા નથી. અને એમ એવું પણ માનીએ છીએ કે સારા કાર્ય માટે ગુપ્તદાન કરવાથી અમારા ઋણ ઉતરે છે. આથી આ દાન અમે ચૂપચાપ કર્યા કરીએ છીએ.' સરદાર પટેલ ને બર્મીઝ વેપારીની ધર્મઋણની વાત સ્પર્શી ગઈ. એમને કહ્યું, 'સારા કામ માટે અપાતું દાન એક પ્રકારે ધર્મ ઋણ જ છે.'

ધારાસભ્યના સન્માનનો નિર્ણય આવકારવા લાયક

તંત્રીસ્થાનેથી...

આઝાદી પછીના શરૂઆતના તબક્કામાં જનપ્રતિનિધિઓનું સ્તર ઘણું ઊંચું હતું. તેઓ લોકસેવા ક્ષેત્રે લાંબા સમયથી પ્રવૃત્ત હોઈ પ્રજા એમને સામે ચાલીને ચૂંટણીમાં ઊભા રહેવા આગ્રહ કરતી હતી. તે વખતે હજી રાજકારણમાં પ્રદેશવાદ, કોમવાદ, જ્ઞાતિવાદ કે જૂથવાદ બલકે ધર્મસંપ્રદાયના વહેરાવંચા પણ પ્રવેશ્યા નહોતા. પ્રાંતિજમાં જન્મી બનાસકાંઠાના દાંતા વિસ્તારમાં સનાળી આશ્રમ ચલાવતા અકબર ચાવડા આરામથી બનાસકાંઠાના સાંસદ તરીકે ચૂંટાતા હતા અને અમદાવાદની પોળોમાં રહેતાં લેખક જયંતી દલાલનાં પત્ની રંજનબેન પ્રાંતિજ વિધાનસભા વિસ્તારમાંથી ચૂંટાઈ શકતાં હતાં. ગાંધીનગર જિલ્લાના અંબોડ ગામના વતની હરિસિંહ ચાવડા બનાસકાંઠાના સાંસદ અને ધારાસભ્ય બની શકતા હતા. અરે, મુંબઈથી આવીને એસ કે પાટીલ બનાસકાંઠાની બેઠક લડતા હતા અને જયોર્જ ફર્નાન્ડિઝ મુંબઈના મજૂરનેતા હોવા છતાં બિહાર જઈને લોકસભાની બેઠક જીતી શકતા હતા. બે વાર બારતના કાર્યકારી વડાપ્રધાન બનેલા ગુલઝારીલાલ નંદાને સાબરકાંઠાના કોંગ્રેસી કાર્યકરો સામે ચાલીને ઉમેદવારી કરવા નોતરું આપતા અને એ હરિયાણાના વતની રંગેચંગે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા. કાળક્રમે પ્રજામાં રાજકારણ સાથે સંકળાયેલા દૂષણો પ્રવેશ્યાં અને સ્થાનિક ઉમેદવારો પાકી પણ મોટી જ્ઞાતિના ઉમેદવારોને જ ટિકિટો મળવા લાગી. જીતવાની ક્ષમતા જ પારાશીશી બની રહી. પરિણામે અર્ધગદ્ધ, અભણ અને દબંગ નેતાઓની ફોજ તૈયાર થતી રહી. મની અને મસલ પાવરનો દબદબો વધ્યો. ચીમનભાઈએ પટેલવાદ ચલાવ્યો, માધવસિંહે 'ખામ' થિયરી ચલાવી. મોદીના પ્રવેશ પછી પણ જ્ઞાતિવાદનું મહત્ત્વ તો અકબંધ જ રહ્યું. આવા કપરા સંજોગોમાં લાંબી કારકિર્દી ધરાવતા સંનિષ્ઠ સાંસદોનું લોકસભામાં સન્માન કરવાની પ્રથાને અનુસરીને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષે દર વર્ષે એક વરિષ્ઠ અને લોકપ્રિય ધારાસભ્યને પસંદ કરી સન્માનિત કરવાની પ્રથાને પ્રારંભ કર્યો છે ખરેખર આવકારવાલાયક બાબત ગણાશે. ગુજરાત વિધાનસભામાં વિશુદ્ધ ચારિત્ર્ય અને ઉત્તમ લોકનિષ્ઠા ધરાવતા ધારાસભ્યો પણ ચૂંટાતા રહ્યા છે. ખેરાલુ વિધાનસભા મતવિસ્તારમાંથી પ્રજાએ નોટ અને વોટ આપીને ચૂંટી મોકલેલા અઠંગ સર્વોદય કાર્યકર્તા - અપક્ષ ધારાસભ્ય સ્વ. વસંત પરીખ કે ઉત્તર ગુજરાતના ગાંધી તરીકે ઓળખાતા વિસનગરની મજૂર સહકારી મંડળીના પ્રણેતા સ્વ. સાંકળચંદ પટેલ, મહુવાના પૂર્વ ધારાસભ્ય કનુભાઈ કળસરિયા કે ચોટીલાના કરમશી મકવાણા જેવાં કેટલાંય નામ સ્મૃતિપટ પર અંકાયેલા છે. સનત મહેતા, જશવંત મહેતા, રતુભાઈ અદાણી કે ડૉ. જીવરાજમહેતાને પણ કેમ ભૂલીએ ? મનોહરસિંહ જાડેજા અને વલ્લભભાઈ પટેલ જેવા નેતાઓ દીવો લઈને શોધવા નીકળીએ તો પણ જડવા મુશ્કેલ છે. વર્તમાન સમયમાં પણ એવા સંનિષ્ઠ લોકસેવકો રાજકારણમાં તો છે. કમનસીબે એમને તક નથી મળતી એ જુદી વાત છે. વિધાનસભામાં પ્રલંબ કારકિર્દી ધરાવતા આદિવાસી નેતા મોહનસિંહ રાઠવાએ એક વાર પાવી જેતપુરની સામાન્ય બેઠક પરથી ચીમનભાઈ પટેલને પણ હરાવ્યા હતા. સૌમ્ય પ્રકૃતિના મોહનસિંહ રાઠવા એ પછીના સમયગાળામાં ચીમનભાઈ પટેલના વિશ્વાસુ સાથી બની ગયા હતા. દલિતોના નેતા તરીકે કમસનદાસ સોનેરી અને આદિવાસીઓના નેતા તરીકે મોહનસિંહ રાઠવા એ વખતના જનતા દળના મુખ્ય ચહેરાઓ બની રહ્યા હતા. પોતાની બેઠક પરથી કયારેય નહીં હારેલા મોહનસિંહ રાઠવા અત્યારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા હોવા છતાં હાઈકમાન્ડે સાઈડલાઈન કરેલા લાગે. ભૂપેન્દ્રસિંહ વર્તમાન સરકારના સૌથી વરિષ્ઠ નેતા છે. ધોળકાની બેઠક પરથી જ ચૂંટણી લડવાનો આગ્રહ ન રાખ્યો હોત અને પાર્ટીએ કરેલી ઓફર મુજબ અમદાવાદની કોઈ સલામત બેઠક પરથી ઉમેદવારી કરી હોત તો ચૂંટણી પરિણામ અંગેના વિવાદની શકયતા જ ઊભી ન થાત. અત્યંત સૌમ્ય અને સાલસ પ્રકૃતિના આ ક્ષત્રિય નેતા તલવારો તાણનારા નેતાઓ જેવા આક્રમક નથી. એ બધાને સાથે લઈને ચાલનારા નેતાઓ લોકપુરુષ છે. ૨૦૧૯નો શ્રેષ્ઠ ધારાસભ્ય તરીકેનો એવોર્ડ મોહનસિંહ રાઠવા અને ૨૦૨૦નો શ્રેષ્ઠ ધારાસભ્ય તરીકેનો એવોર્ડ ભૂપેન્દ્રસિંહને એનાયત કરવાનો નિર્ણય પણ વિવેકસભર છે. અધ્યક્ષશ્રીએ કોંગ્રેસના સિનિયર ધારાસભ્યને અગ્રતાક્રમે મૂકી શાણપણ અને તટસ્થતા દાખવેલ છે. ઈચ્છીએ કે આ પ્રથા આગળ ઉપર પણ ચાલુ રહે.

તુમ્હારી બાદશાહ બનનેકી ખ્વાહીશ હૈ ઐસી અલબેલી જૈસે રાજા ભોજ બને ગંગુ તેલી

વિચારયાત્રા
ડાયલોગથી દેવભાષા

તુમ્હારી બાદશાહ બનનેકી ખ્વાહીશ હૈ ઐસી અલબેલી જૈસે રાજા ભોજ બને ગંગુ તેલી

- લાલ બાદશાહ

૧૯૯૯માં કે.સી.બોકાડિયા દ્વારા નિર્મિત અને અમિતાભ બચ્ચન અભિનીત આ ફિલ્મ અમિતાભ બચ્ચનની તે સમયની નિષ્ફળ ફિલ્મોની યાદીમાંની એક છે. આ ફિલ્મની કથા-પટકથા કે.સી.બોકાડિયા એ લખી હતી. જ્યારે સંવાદ અનવર ખાને લખ્યા હતા.ફિલ્મમાં આ સંવાદ અમિતાભ બચ્ચન ફિલ્મના વિલન રઘુવરનને કહે છે. આમ જોવા જઈએ તો આ પ્રકારના સંવાદ અગાઉ પણ ઘણા પિક્ચરમાં આવી ગયા છે, અને હજી પણ આવતા રહેશે..તેવી આ પ્રચલિત કહેવત છે.

કોઈ મૂર્ખ મહાત્વાકાંક્ષી વ્યક્તિ જ્યારે ખૂબ મોટી પદવીની અપેક્ષા રાખે ત્યારે આ કહેવત બોલવામાં આવે છે.

જોવાની ખૂબી એ છે કે ૧૯૯૯માં અનવર ખાને લખેલી આ વાત આજથી લગભગ ૧૨૦૦ વર્ષ પહેલાં મહાકવિ માઘ વિરચિત 'શિશુપાલવધમ' મહાકાવ્યમાં પણ આવા જ અર્થસામ્યવાળી એક પંક્તિ છે.

સામાન્યાધિકરણં હિ તેજસ્તિમિરયોઃ કુતઃ ।

પ્રકાશ અને અંધકાર વચ્ચે કોઈ તુલના ક્યાં નથી? ત્યાં કોઈ સરખામણી નથી.

મહાકવિ માઘ આઠમી સદીમાં થઈ ગયેલ એક પ્રખ્યાત સંસ્કૃત કવિ છે. એમ કહેવાય છે કે કાલિદાસ ઉપમા માટે, ભારવિ અર્થગૌરવ માટે અને દંડિ પદલાલિત્ય માટે પ્રખ્યાત છે, પરંતુ મહાકવિ માઘમાં તો આ ત્રણેય ગુણો હતા.

ઉપમા કાલીદાસસ્ય ભારવેરર્થગૌરવમ્ ।
દણ્ડનિઃ પદલાલિત્યં માઘે સનતત્રયો ગુણાઃ ॥

તેમણે રચેલ આ મહાકાવ્યમાં ૨૦ સર્ગ છે. અને આશરે ૧૮૦૦ શ્લોક છે. તેમણે જે ચમત્કૃતિ આ શ્લોક દ્વારા રચી છે તે અકલ્પનીય છે. એક જ વર્ણ પરથી શ્લોક બનાવવા, એક આખુ ચરણ એક જ વર્ણ પરથી બનાવીને શ્લોકના ચારેય ચરણ એક-એક વર્ણ પરથી બનાવીને વાચકોને ચકિત કરી દીધા છે.

જ્જોજોજાજજિજ્જિજી તં તતોડ્તતિતાતતુત્ ।
ભાભોડભીભાભભૂભાભૂ રારારિરીરઃ ॥

પછી યોદ્ધા, યુદ્ધ વિજેતા, તેની વીરતાની પરાક્રમ સાથે, અત્યંત ઘમંડી માણસોનો વશ, જેની પાસે તારાઓની તેજ છે, જેની પાસે નીડર હાથીઓની જીતની દીપ્તિ છે, તે રથ પર બેઠેલા દુશ્મનની સાથે યુદ્ધની શરૂઆત કરવા લાગ્યો.

દાદદો દુદ્દદુદદાદી દાદદો દૂદૂદીદદો : ।
દુદ્દાદં દદદે દુદ્દે દાદાદદદદોડદદઃ ॥

'શ્રી કૃષ્ણ, દરેક વરદાન આપનાર, દુષ્ટ માનસનું શાપ આપનાર, શુદ્ધિકરણ કરનાર, જેના હાથથી દુષ્ટ લોકોનો વિનાશ કરી શકે છે, જેઓ બીજાઓને વેદના પહોંચાડે છે, તેણે દુશ્મન પર પોતાનું વેદના આપનાર બાણ ચલાવ્યું.'

- jayuoza@gmail.com
Mo.9898046488

કવિઓનું ઓનલાઈન સન્માન કરાયું

● વૃત્ત સંચય

આણંદ ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થાન દ્વારા ડૉક્ટર સર્વપલ્લી

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

રાધાકૃષ્ણનના માનમાં યોજાયેલ, દ્વિતીય ઓનલાઈન કવિ સંમેલનના ૧૨૧ કવિઓનો સન્માન સમારંભ તા. ૨૧-૯-૨૦૨૦ના રોજ, મુખ્ય મહેમાન રેવ.ફાધર કિરણ ગોહિલ, ગાંધીનગરની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. જેમાં તેઓએ ૧થી૧૦ક્રમાંક મેળવનાર કવિઓનું સન્માન કર્યું હતું. આવકાર રેવ. ફાધર અરુણ દ્વારા અને આભાર વિધિ નિલેશ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી.

- muljibhaidadhi@gmail.com
(M) ૯૮૨૪૨૩૬૮૯૩

મનોવ્યથા અને મહામંથનની અમર કૃતિ : લે મિઝરેબલ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સાંજનો સમય, નાનું ગામ અને યુરોપની ઠંડી. શિયાળાનો આરંભ થયો હતો અને પવન સુસવાટા મારતો હતો. આવા મુશ્કેલ સમયે એક મુસાફર ગામમાં દાખલ થાય છે. મુસાફર થાકેલો છે. તેણે મેલાં તથા ચીંથરેહાલ કપડા પહેર્યા છે. તેના જુત્તા પણ એકદમ ઘસાઈ ગયેલા અને ભાગ્યેજ પગનું રક્ષણ કરી શકે તેવા હતા. જોકે આ મુસાફરનું શરીર ઘણું મજબૂત હતું. ભરાવદાર પગ તેમજ સ્નાયુબધ્ધ બાવડાઓને કારણે તેમજ મેલાઘેલા વેશથી તે બીહામણો લાગતો હતો. દાઢી તથા મૂછથી તેનો દેખાવ વધારે બીહામણો લાગતો હતો. ઠંડી ઉપરાંત ભૂખના દુઃખથી તે વ્યથિત હતો. નાના ગામમાં તેણે પેટની આગને ઠારવા એક રહેવા – જમવાની સુવિધા આપે તેવી સામાન્ય લાગતી હોટેલ શોધી કાઢી. હોટેલના માલિકે પ્રથમ તો પૈસા હોય તો રહેવા તથા ભોજનની સુવિધા આપવા સહમતી આપી. પરંતુ થોડીવાર આ બીહામણા આગંતુકને રાહ જોવા જણાવ્યું. દરમિયાન હોટેલના માલિકે જાણી લીધું કે જે બીહામણો વ્યક્તિ તેને ત્યાં આવ્યો હતો એ જેલમાંથી છૂટેલો જિન વાલજિન હતો. માણસના ગમા – અણગમા તેમજ ઘર કરી ગયેલા પૂર્વગ્રહથી મહદ્અંશે માણસ નિર્ણય કરે છે. આથી આ રીઢા ગુનેગારને કેમ જમાડી શકાય ? તેને આશરો પણ આ માટે આપવો ? એક ગુનેગાર તેની સજા પૂરી કર્યા પછી અધિકૃતરીતે મુક્ત થઈને આવે તો પણ સમાજ તેનો સ્વીકાર કરવા તૈયાર નથી. એક ગ્રાહકના રૂપમાં આવતા વ્યક્તિ માટે કોઈ વ્યાપારી ધર્મ પણ નથી. આ જોતાં એમ પણ થાય કે આપણે જેલની બહાર વસતા અને કહેવાતા મુક્ત લોકો પણ બંદીવાન નથી ? જેલની તોતીંગ દીવાલો તો ક્યારેક ઓળંગી શકાય છે પણ પર્વગ્રહના પડળો તો પ્રજ્ઞાના ઉદય સિવાય દૂર થતા નથી. સંપૂર્ણ ઘૃણાના ભાવ સાથે ગ્રાહકના રૂપમાંઆવેલા જિન વાલજિનને તગેડી મૂકવામાં આવે છે તેવા દરેક કિસ્સામાં માનવતા લજવાતી હશે. આ તો એક બાબત થઈ. પરંતુ ૧૮૬૨માં પ્રગટ થયેલી અને ઓગણીસમી સદીની શ્રેષ્ઠ નવલકથા તરીકે દુનિયાભરમાં પ્રસિધ્ધ થયેલી 'લે મિઝરેબલલ્લ નવલકથા એ સમાજજીવન અને માનવીના મનના અનેક ભાવનું ઉત્તમ કક્ષાનું આલેખન કરે છે.

આ કૃતિના લેખક વિક્ટર હ્યૂગોનો જન્મ ફ્રાન્સમાં ઓગણીસમી સદીના પ્રારંભે થયો હતો. લોકશાહીને અનુરૂપ તેવી સ્વતંત્ર વિચારસરણી ધરાવતા હતા. કોઈપણ વ્યક્તિ જે સ્વતંત્ર વિચારસરણી ધરાવતી હોય તે સામાન્ય રીતે સત્તાધારી લોકોને પસંદ હોતા નથી. આથી વિક્ટર હ્યૂગોને ૧૮૫૧ થી ૧૮૭૦ સુધી દેશનિકાલ ભોગવવો પડ્યો. દેશનિકાલના સમયગાળામાં આ શ્રેષ્ઠ નવલકથા ૧૮૬૨માં જુદી જુદી દસ ભાષાઓમાં એકજ દિવસમાં આઠ મોટા શહેરોમાં પ્રગટ થઈ. વિશ્વને આ કથાની મોહિની સતત રહી છે. અનેક ફિલ્મો આ નવલકથાના આધારે બની છે. આ કથાના શાશ્વત મૂલ્યને કારણે સ્વામીઆનંદ કહે છે કે આ એક એવી અમર કૃતિ છે જેમાં કદી ઘરડા કે અપ્રસ્તુત થવાનો ભય નથી. કવિ ઉમાશંકર જોશી 'લે મિઝરેબલલ્લ ને નવલકથા નહિ પરંતુ ગાથા કહે છે. મહાકાવ્યની ભવ્યતા આ કથા ધારણ કરે છે. કોઈપણ માણસ એ મૂળભૂત રીતે તો સારોજ હોય છે. તેની ભાવના અને વિચારધારા મહદ અંશે મંગળમય હોય છે. પરંતુ સંજોગોની વિવિધતા અને કેટલીકવાર પ્રતિકૂળતાને કારણે માનવી નબળો વિચાર કરે છે કે નબળા વિચારને તાબે થાય છે. એકાદ બે કિસ્સામાં કોઈની નબળાઈ ધ્યાન પર આવે અને સમાજ હમેશા તેની સામે શંકા કે નફરતના ભાવ સાથે જુએ તો જે માનવીને સુધરવાની શક્યતા તેમજ શકિત બન્ને છે તેનો હઠપૂર્વક અનાદર થાય છે. રવિશંકર મહારાજ જેવું ભગીરથ કાર્ય કરનારને મહીકાંઠાના ધારાળા કે પાટણવાડીયામાં પણ કેટલી ઉજળી બાબતોના દર્શન થયા હતા ! સમાજ અને સરકાર આ મહીકાંઠાવાસીઓની ગણતરી જન્મજાત ગુનેગાર તરીકે કરતી હતી. જ્યારે જ્યારે 'સબાર ઉપર માનુષલ્લની અનુભૂતિ સાથે સામાન્ય કે પ્રમાણમાં નબળા લાગતા માનવ સમુહ પર વિશ્વાસ મૂકવામાં આવ્યો છે ત્યારે તેના ચમત્કારિક પરિણામો આવેલા છે. ગાંધીજી કે નેલ્સન મંડેલાનો આવો અભિગમ પણ જગતે જોયો છે અને વખાણ્યો છે.

આ નવલકથા જેમ આગળ વધે છે તેમ જિન વાલજિનના સ્વરૂપ – સ્વભાવમાં પરિવર્તન થતા જોવા મળે છે. એક ગુનેગાર ગણાયેલા વ્યક્તિમાં પણ પરિવર્તનની અમાપ શક્યતા છે તેની અહીં પ્રતિતિ થાય છે. સમાજનું આવા નઠારા ગણાયેલા વ્યક્તિ તરફ કેવું વલણ રહે છે તે પણ પરિવર્તનની આ પ્રક્રિયામાં મહત્વની વાત છે. શા માટે જિન વાલજિનને સજા થઈ છે ? જિન વાલજિન એક નિર્દોષ કિશોર છે. પોતે સખત મજૂરી કરીને પોતાની વિધવા બહેન તથા નાની ઉમ્મરના ભાણેજડાઓના પેટ ભરે છે. પરંતુ એક દિવસ મજૂરી મળી શકતી નથી. ભૂખ્યા બાળ ઘેર રાહ જુએ છે. મામા આવશે અને રોટી મળશે. જિન વાલજિન એક કિશોર હોવા છતાં જવાબદારીને કારણે એક મનોવ્યથા અનુભવે છે. કોઈ ઉછીનું ઉધાર પણ તેને આપે નહિ તેવી તેને ખાતરી હતી. આથી નછૂટકે તે બ્રેડની ચોરી કરે છે. દુર્ભાગીનું દુર્ભાગ્ય બે ડગ આગળજ હોય છે. પકડાઈ જાય છે. તેની મારપીટ કરવામાં આવે છે તથા પાંચ વર્ષની સખત મજૂરી સાથેની સજા થાય છે. કવિ કરસનદાસ માણેકની જાણીતીપંક્તિ યાદ આવે છે.

દેવડીએ દંડ પામે
ચોર મુઠ્ઠી જારના
લાખ ખાંડી લૂંટનારા
મેહફિલે મંડાય છે.
મને એજ સમજાતું નથી
આ બધું શે થાય છે ?
ફૂલડાં ડુબી જતા અને
પથ્થરો તરી જાય છે.

દરેક સ્થળેથી નફરત અને ઘૃણાનો સામનો કરનાર જિન વાલજિન એક પાદરીના ઘરે જઈ ચડે છે. પાદરી જિન વાલજિનને બારણા બહાર ભય અને શંકાથી ઊભેલો જોઈ પ્રેમથી ''આવોલ્લલ્લ કહે છે. આ શબ્દજ જિનને જાણે કદી ન સાંભળ્યો હોય તેવો નવો લાગે છે ! કહેવાની ભાગ્યેજ જરૂર રહે કે પાદરીના ભલા વ્યવહાર પછી જિન વાલજિનનું દબાઈ ગયેલું માણસાઈનું સત્વ ફરી મહોરી ઉઠે છે.

ગાંધી શાળા શિક્ષણમાં શ્રમ જોડીને હુન્નર ઈચ્છતા હતા

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગાંધીએ શાળા શિક્ષણથી જ શ્રમનો મહિમા દાખલ કરવા સૂચવ્યું હતું. એ સામે કેટલાંક સામ્યવાદીઓ અને સમાજવાદીઓએ બાળકો પાસે શિક્ષણમાં શ્રમ દાખલ કરવા સામે બાળવયથી જ વિદ્યાર્થીઓનું શોષણ થાય એમ વિરોધ કર્યો હતો. કે બાળકોને મજૂરી ન કરવા દેવી એ કંઈ ઉંમરથી અને કેવા ભારે કામોમાં ન જોતરવા એ બાબતે સ્પષ્ટ કરવું જોઈએ. માર્કસ લખે છે, 'આજના મોટા ઉદ્યોગોના જમાનામાં બાળકોને શ્રમ કાર્ય સાથે ન જોડવા એ સુસંગત ન જ કહેવાય. બાળકને શાળા જીવનમાં શ્રમ ન કરાવવો એ રૂપાળી ભાવના જ રહે - જે અમલમાં ન આવે એવી વાત છે. હા, બાળકોના કામના કલાકો ચોક્કસ નિશ્ચિત કરવા જોઈએ. શિક્ષણ સાથે બાળકને ઉત્પાદક કામકાજમાં જોડવા એ તો આધુનિક સમાજના પલટા માટે ભારે મોટું અને બળશાળી સાધન નીવડી શકે.'

ગાંધીજી બાળકને શ્રમ કાર્યમાં જોડાય તો આરોગ્ય પણ સુધરે અને શાળા જીવન દરમિયાન જ બાળકનું એવું ઘડતર થાય કે બાળક પુખ્ત થાય પછી પણ એને કોઈ પણ કામ કરવામાં શરમ ન ઉપજે એવું ઘડતર કરવાનો વિચાર પણ હતો. સાથોસાથ હુન્નર કળામાં પારંગતતા એ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસના પાયારુપે પણ જોયું હતું. ગાંધીજીએ આવી ઝીણી ઝીણી બાબતો કે પ્રત્યક્ષ રુપે સમજાય નહીં એવી વાર્તાને પણ વિચારમાં વધીને કરી કેળવણીનું પાસું વ્યક્ત કર્યું હતું. આ ઉપરાંત ગાંધીએ શિક્ષણનું ખર્ચ શાળા પોતાની રીતે જ મેળવતી રહે એવો પ્રયાસ કરવા પણ ભાર મૂક્યો હતો. જો શાળા પોતાનો ખર્ચ પોતે જ ઉપાડી શકે તો રાજય ઉપર નાણાંબોજ ના આવે એ ઉપરાંત શિક્ષણ રાજયના અંકુશણાંથી મુક્ત રહી શકે. ગાંધીના હાથકામ સાથેના શાળા શિક્ષણ અંગે સમાજની મૂંઝવણ બાબતે આચાર્ય કૃપાલાનીજી સરસ વાત કરે છે :

'જો શિક્ષણ ખર્ચ શાળા જ કરે તો શિક્ષણ રાજય અંકુશથી મુક્ત રહે'

'દેશના લોકો કદાચ ગ્રામઉદ્યોગોને જ વળગી રહેવા ન માગે, અને યંત્રોદ્યોગોને અપનાવવા માગે, તે શું? હવે ધારો કે, દેશની પ્રજા ગ્રામઉદ્યોગને પડતા મૂકે અને કેન્દ્રિત યંત્રોદ્યોગોને સ્વીકારે; તે પણ એ યંત્રોદ્યોગને શાળાઓમાં શિક્ષણના કામકાજ માટે તે ન જ દાખલ કરી શકાય. રશિયામાં ૧૮ વર્ષની ઉંમરથી હેઠળના વિદ્યાથીઓને મોટાં કારખાનામાં મોકલવા દેવામાં આવતા નથી. ત્યાં પણ કેળવણીનું ઉદ્યોગીકરણ તે હાથઉદ્યોગો અને શાળાને જોડેલાં વિકેન્દ્રિત ઉદ્યોગમંદિર વડે જ કરવામાં આવે છે. કારખાનું શાળાને કાચો માલ કે ભંગાર તથા તેના ઉદ્યોગ વિભાગ માટેનાં સાધનો અને ઓજારો પૂરાં પાડે છે. સામાન્ય રીતે તે ઉદ્યોગવિભાગને સજાવી આપે છે, અને કોઈ કોઈ દાખલામાં તાલીમ આપનાર નિષ્ણાત પણ પૂરો પાડે છે. ખારકોવમાં જે કારખાના સાથે શાળાને જોડવામાં આવી હતી, એ કારખાનાએ ઉચ્ચ કોટીની ઈજનેરી તાલીમ પામેલા એક ઈજનેરને એ શાળામાંના ઉદ્યોગ કામ ઉપર દેખરેખ રાખવા, તથા તે કામ કેળવણીની રૂએ ચાલે, અને કોઈ હુન્નરધંધો શીખવવા માટેની તાલીમરૂપ ન બની જાય. તે જોતા રહેવા માટે શિક્ષક તરીકે ફાજલ પાડયો હતો. તે માણસ રોજ કેટલાય કલાક શાળામાં ગાળે છે. એ શાળાને ઉદ્યોગવિભાગ અસામાન્ય રીતે પૂરેપૂરો સુસજ્જ હતા.'' મજૂરનું સ્વર્ગ કહેવાતા દેશમાં, કે જ્યાં આખી પ્રજા કેન્દ્રિત યત્રોદ્યોગની તરફેણમાં છે, ત્યાં પણ આમ બની રહ્યું છે.

પરંતુ હિંદુસ્તાનમાં સારે નસીબે કે ખરાબ નસીબે કેટલાક એવા વિશિષ્ટ અને ખાસ સંજોગો ભેગા થયા છે કે, આપણે કોરી સ્લેટ ઉપર મરજીમાં આવે તેવું લખાણ કરી શકીએ તેવી સ્થિતિમાં નથી.

આપણે આપણા દેશની ઐતિહાસિક પ્રગતિના ક્રમને જ અનુસરવો રહ્યો. આ પણે આપણી મરજી મુજબ કે હુકમ માત્રથી રાતોરાત જ સમાજની નવેસર રચના કરી શકીએ તેમ નથી. ધારો કે, લેકે આજે દેશનું યંત્રોદ્યોગીકરણ નક્કી કરવાનું કરે, તો પણ તેમને થોડા વખતમાં માલૂમ પડશે કે, એ ફેરફાર આ દેશમાં કરવાને કેટલાંય દસકાં જોઈશે. દરમિયાન જે જે હાથઉદ્યોગ મોજૂદ હોઈને નાશ પામતા જાય છે, તેમને પાછા પગભર કરવાનું અને શક્ય હોય ત્યાં નવા ઊભા કરવાનું અતિશય લાભદાયી તથા આવશ્યક નીવડશે. જાપાન જેવા યાંત્રિક સુધારે સ્વીકારનારા દેશમાં પણ હાથઉદ્યોગ તથા ગ્રામઉદ્યોગ માટે મબલક ક્ષેત્ર મળી આવે છે. ઉપરાંત વીજળિક બળ યંત્રોદ્યોગોમાં દાખલ થતાં કેટલાક અતિકેન્દ્રિત ઉદ્યોગોને પણ વિકેન્દ્રિત કરવાની શક્યતા ઊભી થઈ છે. અને છેવટે પણ જ્યારે પ્રજા કદી ઉદ્યોગોને યાંત્રિક સુધારાના સ્વીકારથી પૂરેપૂરા કેન્દ્રિત કરવાનું ઠરાવે, ત્યારે તેને માલૂમ પડશે કે, દેશમાં હાથઉદ્યોગ ન હોય તેના કરતાં હાથઉદ્યોગો હોય તો તેને નેતા કશળ અને ચાલાક કારીગરે વધુ મળી શકે છે. એક જ જડ મજૂરી કરી જાણનાર કરતાં કંઈક પ્રકારની હાથ-કારીગરીવાળો માણસ યંત્ર માટે પણ વધુ સારે કારીગર નીવડે છે. તેમ જ, આપણે અગાઉ જણાવી આવ્યા છીએ તેમ, દેશ પૂરેપૂરું યંત્રોદ્યોગીકરણ સ્વીકારે. તોપણ તેને શાળામાં તે ઉદ્યોગવિભાગ રાખવા જ પડે છે કે ત્યાં સામાન્ય કેળવણી અથે હાથઉદ્યોગે કાળજીપૂર્વક શીખવવામાં આવે છે. તેથી આપણે ગમે તે દૃષ્ટિબિંદુ સ્વીકારીએ, તો પણ ગાંધીજીની યોજના દેશને ઉપયોગી થઈ પડશે એ નક્કી